**રાજ્યમાં જુન – ૨૦૧૧ થી RMSA યોજના અંતર્ગત નવી શરૂ કરેલ સરકારી માધ્યમિક શાળાઓ માટે આચાર્ય તથા શિક્ષણ સહાયકની જગ્યાઓ મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
**ઠરાવ ક્રમાંક : સમશ-૧૦૧૧ -૨૨૩-ગ.૧**
સચિવાલય,ગાંધીનગર.
તારીખ : ૨૮-03-૨૦૧૨

**વંચાણે લીધા :-**

**(૧)** શિક્ષણ વિભાગનો તારીખ ૧૩-૦૪-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક : **સમશ – ૧૦૧૧ – ૧૧ – ગ.૧**
**(૨)** શિક્ષણ વિભાગનો તારીખ ૨૬-૦૮-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક : સમશ – ૧૦૧૧ – ૧૬૮ – ગ.૧
**(૩)** શિક્ષણ વિભાગનો તારીખ ૨૪-૦૧-૨૦૧૨ નો પત્ર ક્રમાંક : **સમશ – ૧૦૧૧ – ૧૬૮ – ગ.૧**
**(૪)** કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૨૦-૦૧-૨૦૧૨ નો પત્ર ક્રમાંક : આર.એમ.એસ.એ. / મહેકમ મંજૂરી / ૨૦૧૧ / ૩૧૮૬.

આમુખ :-

વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) ના તારીખ ૧૩-૦૪-૨૦૧૧ ના ઠરાવ સાથેના પત્રક – અ ના ક્રમાંક – ૪ તથા ૫ થી RMSA યોજના અમલી કરણ માટે કુલ ₹ ૧૦૮૫૬.૦૯ લાખની જોગવાઇને વહીવટી મંજૂરી આપેલ. કેન્દ્ર પુરસ્કૃત RMSA યોજના અંતર્ગત રાજ્યમાં જુન – ૨૦૧૧ થી કુલ ૩૨૭ નવી સરકારી માધ્યમિક શાળા (ધોરણ -૯) શરૂ કરવાની વંચાણે લીધા ક્રમાંક (૨) ના તારીખ ૨૬-૦૮-૨૦૧૧ ના ઠરાવ સાથેના પત્રક – ક થી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ. અને વંચાણે લીધા ક્રમાંક (3) ના તારીખ ૨૪-૦૧-૨૦૧૨ ના પત્રથી ભાવનગર જિલ્લાની ત્રણ શાળાને મંજૂરી આપવા ભારત સરકારને વિનંતી કરેલ. આમ રાજ્યમાં જુન – ૨૦૧૧ થી કુલ 330 નવી સરકારી માધ્યમિક શાળાઓ (ધોરણ- ૯ ) શરૂ કરવામાં આવેલ છે.

ભારત સરકાર દ્વારા તારીખ ૧૨-૦૭-૨૦૧૧ ના રોજ દિલ્હી ખાતે મળેલ **PAB** ની મીટીંગમાં કેન્દ્ર સરકારે **RMSA** યોજના અંતર્ગત મંજૂર કરેલ ૩૨૮ સરકારી માધ્યમિક શાળા માટે ૩૨૮ આચાર્ય માટે માસીક ₹ 30000/- પગાર ખર્ચ પેટે તથા શાળા દીઠ બે શિક્ષકો લેખે કુલ ૬૫૬ મદદનીશ શિક્ષકો માટે માસીક ₹ ૧૫000/- પગાર ખર્ચ પેટે મંજૂર કરેલ છે.

RMSA યોજના હેઠળ જુન – ૨૦૧૧ થી ઉક્ત શાળાઓ શરૂ થઇ ગયેલ છે. પરંતુ, આ શાળાઓનું મહેકમ મંજૂર થયેલ ન હોઇ, કમિશ્નરશ્રી, શાળઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક (૪) ના પત્રથી ઉક્ત જગ્યાઓ મંજૂર કરવા દરખાસ્ત કરેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે સને ૨૦૧૧ – ૧૨ના અંદાજ પત્રમાં પ્લાન સદરે EDN – ૧૯ હેઠળ RMSA યોજનાના અમલીકરણ માટે કરેલ જોગવાઇ માંથી જુન – ૨૦૧૧ થી શરૂ કરેલ નવી કુલ ૩૩૦ સરકારી માધ્યમિક શાળા (ધોરણ – ૯) માટે શાળા દીઠ ૧ આચાર્ય લેખે **કુલ ૩૩૦ આચાર્યની જગ્યાઓ તથા શાળા દીઠ ૨ (બે) શિક્ષણ સહાયક લેખે (૧ શિક્ષણ સહાયક ભાષાના વિષય માટે તથા ૧ શિક્ષણ સહાયક ગણિત, વિજ્ઞાન વિષય માટે) કુલ ૬૬૦ શિક્ષણ સહાયકની જગ્યાઓને નીચેની શરતોએ ઉભી કરવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.**

શરતો :-

**(૧)** સરકારી માધ્યમિક શાળાઓમાં આચાર્યની (વર્ગ – ૨) ભરતી **PB-2** ₹ ૯૩૦૦ – ૩૪૮૦૦ ગ્રેડ પે ૪૬૦૦/- મુજબ ભરવાની રહેશે.

**(૨)** સરકારી માધ્યમિક શાળાઓના મદદનીશ શિક્ષકોની ભરતી વિભાગના તારીખ ૦૨-૦૭-૧૯૯૯ ના ઠરાવથી નક્કી થયેલ ફીકસ પગારની નીતી અને નાણા વિભાગના તારીખ ૧૬-૦૨-૨૦૦૬ અને ત્યાર બાદ વખતો વખતના ઠરાવથી થયેલ સુધારા વધારા મુજબ નક્કી થયેલ શરતોએ કરવાની રહે છે. ઉક્ત જગ્યા નાણા વિભાગના તારીખ ૦૬-૧૦-૨૦૧૧ના ઠરાવની જોગવાઇ મુજબ ₹ ૯૪૦૦/- ના માસિક ફિકસ પગાર પાંચ વર્ષ સુધી ત્યારબાદ પુરા પગારથી એટલે કે **PB-2** ૯૩૦૦ – ૩૪૮૦૦ ગ્રેડ પે ૪૨૦૦/- થી ભરવાની રહે.

**(૩)** આચાર્ય વર્ગ – ૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ બદલી, બઢતી કે સીધી ભરતીથી નાણા વિભાગની મંજૂરી મેળવીને ભરવાની રહેશે.

**(૪)** શિક્ષણ સહાયકની જગ્યાઓ બદલી, બઢતી કે પ્રતિનિયુક્તિના ધોરણે અને ફાજલ સ્ટફ માંથી ભરવાની રહેશે. જો આ જગ્યાઓ સીધી ભરતી થી ભરવાની હોયતો આ અંગે નાણા વિભાગની મંજૂરી મેળવી ભરવાની રહેશે.

**(૫)** આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો / નીતી નિયમોની જોગવાઇ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

**(૬)** આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની ખાલી જગ્યાઓ ભરવાને અગ્રીમતા આપવાની રહેશે તથા અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરે જોવાનું રહેશે.

**(૭)** કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૮) સીધી ભરતીથા નિમણૂંક પામનાર ઉમેદવારોને નિયમિત નિમણૂંક મળ્યાબાદ નાણા વિભાગના તારીખ ૧૮-૦૩-૨૦૦૫ના ઠરાવ ક્રમાંક : નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી તથા તારીખ ૨૭-૦૯-૨૦૦૬ના પરિપત્ર ક્રમાંક : નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦(પા.ફા.)પી ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર ધ્વારા તારીખ ૦૧-૦૪-૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે તથા આ અંગેનો વખતો વખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણૂંક પામેલ ઉમેદવારોને લાગુ પડશે.

(૯) ભારત સરકારના હિસ્સાની રકમ ભારત સરકારને નિયમિત સમયસર દરખાસ્ત રજૂ કરી મેળવી લેવાની જવાબદારી કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરની રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની સમય મર્યાદામાં રહીને તારીખ ૦૧-૦૪-૨૦૧૨ પછી જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

(૧૧) વર્ગ – ૩ની જગ્યા ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તારીખ ૧૬-૦૨-૨૦૦૬, તારીખ ૦૧-૦૮-૨૦૦૬ તથા તારીખ ૨૯-૦૪-૨૦૧૦ તથા સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૦૪-૦૬-૨૦૦૯, ૧૦-૦૫-૨૦૧૦ તથા શિક્ષણ વિભાગના તારીખ ૨૫-૧૦-૨૦૧૦ના ઠરાવની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૧૨) જે તે જગ્યાના પગાર ધોરણો આર.ઓ.પી. – ૨૦૦૯ પ્રમાણે છે કે કેમ ? તે ચકાસી લેવાની જવાબદારી કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરની રહેશે.

(૧૩) રાજ્ય સરકાર ધ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) આ અંગેનો ખર્ચ માંગણી નંબર – ૦૯, મુખ્ય સદર – ૨૨૦૨ - સામાન્ય શિક્ષણ - ૦૨ – માધ્યમિક શિક્ષણ – ૧૦૬ – સરકારી માધ્યમિક શાળાઓ – ૦૬ - EDN – ૧૯ – રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાન ના અમલી કરણ બાબત. ( ૨૨૦૨ – ૦૨ – ૧૦૯ – ૦૧ – ૬ ) ખાતે ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૨૮-૦૩-૨૦૧૨ ની નોંધથી મળેલ સંમતિ થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એલ.પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ૯/૧ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,( કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)

- નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી,(શિક્ષણ), નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- **સેકશન અધિકારીશ્રી, "લ" શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.( જરૂરી કાર્યવાહી સારૂ.**
- બજેટ શાખા,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- **નાયબ સેકશનઅધિકારીની સિલેક્ટ ફાઇલ.**
- **શાખા સિલેકટ ફાઇલ.**